મંત્રી પુત્ર કીરણ ખાબડના ૭ દિવસના પોલીસ રિમાન્ડ મંજુર

દાહોદમાં બહુચર્ચિત મનરેગા કૌંભાંડ પ્રકરણમાં એક પછી એક નવો વળાંક

● દાહોદ તા.૩૦

દાહોદમાં બહુચર્ચિત મનરેગા કૌંભાંડ પ્રકરણમાં એક પછી એક નવો વળાંક સામે આવી રહ્યો છે જેમાં ગતરોજ મંત્રી બચુ ખાબડના બંન્ને પુત્રોને ગતરોજ જામીન મળ્યાં બાદ એક પુત્ર કિરણ ખાબડને દાહોદ પોલીસે વધુ એક મનરેગા પ્રકરણ કૌંભાંડમાં વધુ એક ફરિયાદ નોંધાતાં કિરણ ખાબડની પોલીસે દાહોદ સબ જેલની બહારથી અટકાયત કરી હતી. આ અન્ય બીજી ફરિયાદ ખુદ દાહોદ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક દ્વારા દાહોદ બી ડિવીઝન પોલીસ મથકે નોંધાંવી છે. આ ફરિયાદના આધારે દાહોદ પોલીસે કિરણ ખાબડની અટકાયત કરી દાહોદની નામદાર કોર્ટમાં કિરણ ખાબડને રજુ કરતાં દાહોદની નામદાર કોર્ટ દ્વારા કિરણ ખાબડના ૭ દિવસોના પોલીસ રિમાન્ડ મંજુર કરવામાં આવ્યાં છે. આ પ્રકરણમાં એજન્સીના માલિકો તેમજ સરકારી કર્મચારીઓ અને કરાર આધારિત કર્મચારીઓ દ્વારા એકબીજાના મેળાપીપણામાં મનરેગાના કામોમાં ગેરરીતી આચરી સરકારીને આર્થિક નુકસાન પહોંચાડી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

દાહોદમાં મનરેગા કૌંભાંડ પ્રકરણમાં મંત્રી બચુ ખાબડના પુત્રો પર સકંજો કસાતો જોવા મળી રહ્યો છે જેમાં બંન્ને પુત્રોને ગતરોજ દાહોદની નામદાર કોર્ટે જામીન અરજી મંજુર કર્યા બાદ મોટા પુત્ર બળવંત ખાબડને જામીન પર છોડી મુકવામાં આવ્યો હતો જ્યારે નાના પુત્ર કિરણ ખાબડને દાહોદની સબ જેલની બહારથી પોલીસે અટકાયત કરી હતી. કિરણ ખાબડની અટકાયત પાછળ મુખ્ય કારણે દાહોદ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શરદકુમાર વિઠ્ઠલભાઈ બાંભરોલિયા દ્વારા દાહોદ બી ડિવીઝન પોલીસ મથકે નોંધાંવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, દાહોદ જિલ્લામાં મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજના (મનરેગા યોજના) હેઠળ કાયદેસરની પ્રક્રિયા દ્વારા એજ ન્સી નક્કી કરી વર્ક ઓર્ડર આપ્યા બાદ મનરેગાના જનકલ્યાણનાં અલગ અલગ સામુહિક કામો જેવા કે, માટી મેટલ સે, સીસી રોડ, ચેક વોલ, સ્ટીન ખંડ વિગેરે કામો માટે ટેન્ડર દ્વારા માલ-સમાન સપ્લાઈ કરવા એજન્સીઓએ મનરેગાના કા મો માટે માલસામાન સપ્લાઈ કરવાની ટેન્ડર પ્રોસેસમાં ભાગ લીધો નથી અથવા પોતે તે ટેન્ડર પ્રક્રિયામાં ન્ નથી અને માલ સપ્લાઈ કરવા અધિકૃત નથી તેવી એજન્સીઓને પણ પેમેન્ટ કરવામાં આવેલ છે તથા સ્થળ ઉપર કામો અધુરા થયેલ છે. જે ભાબતની રજૂઆત અન્વયે જીલ્લા પંચાયત કચેરી, દાહોદના આદેશથી તત્કાલીન નાયબ જીલ્લા વિકાસ અધિકારી પંચાયત, દાહોદના પત્ર જા.નં. જિ. પં./પચત/વશી/૧૩૮૬ તા. ૧૦/૦૭/૨૦૨૪ થી હકીકતલક્ષી અહેવાલમાં મનરેગા યોજના હેઠળ આપવામાં આવેલ કેટલાક કામોમાં ગેરરીતિ થયેલ હોવાનું માલુમ પડેલ છે. મનરેગા યોજના હેઠળ કરવા ના થતાં કામો અપૂર્ણ જણાય આવેલ છે તેમ છતાં તે કામોનું કમ્પ્લીશન સઢી તથા ખોટા પુરાવા ઊભા કરી પૂર્ણ પેમેન્ટ ₹ રી દેવામાં આવેલ છે/મેળવી વેવામાં આવેલ છે. નાણાં ચુકવાનાર અધિકારીઓ દ્વારા અધુરા કામો કરવા છતાં એજન્સી ઓને નાણાંની ચુકવણી કરી, કાયદેસરની કરવાની થતી ફરજમાં નિષ્કાળજી ડાખવનાર અધિકારી/કર્મચારી/કસર આધારીત કર્મચારીઓએ એજન્સી સાથેના એકબીજાના મેળાપીપણું કરીને સરકારશ્રીને આર્થિક નુકસાન પહોંચાડી સરકારની સાથે છતરપીંડી અને વિશ્વાસઘાત કરેલ છે.મનરેગા યોજના હેઠળ દેવગઢ બારિયા તાલુકાના લવારિયા ગામે મનરેગાના કામમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચાર સંબંધિત ૨ જુઆત કરનાર અરજદાર બારીયા પર્વતભાઈ માનસિંગભાઈ (રહે. લવારીયા, દેવગઢ બારીયા) તથા અરજદાર ગણપતભા ઈ ચીમનભાઈ રાઠવા (રહે, કેલીયા તા,દેવગઢ બારીયા) ની અરજી અન્વયે મિલિન્દ દવે, તન્માલીન ડેપ્યુટી ડી.ડી.ઓ, પંચાયત દ્વારા પ્રાથમિક તપાસ કરાવતા લવારીયા ગામે સ્ટીન પેવર બ્લોકના ૧૧ કામો કરવામાં આવેલ નથી અને કામના મટરીયલના ચુકવણા કરવામાં આવેલ છે. તેમજ તે કામોના મટરીયલના બીલો પોર્ટલ પર ઓનલા ઈન કરવામાં આવેલ છે. કામના સ્થળે સીઆઈબી બોર્ડ બનાવવામાં આવેલ નથી. આમ, લવારીયા ગામે કુલ ૭૯ કામો પૈકી ૨૧ કામો થયેલ નથી પરંતુ માલ મટીરિયલ્સ/લેબરના કુલ રૂપિયા ૧૮.૪૧ લાખ આપી/મેળવી લીધા છે.આ ઉપરાંત આ મનરેગા કામોનું ખોટા પુરાવા ઊભા કરી પૂર્ણ પેમેન્ટ કરી દેવામાં આવેલ છે. એજન્સી તથા જવાબદાર સરકારી અધિકારી/કર્મચારીઓએ એકબીજાના મેળાપીપણામાં પૂર્વ આયોજીત ગુનાહિત કાવતરું રચી, જનકક્ષાણ માટેનાં મનરેગા યોજનાના સામુહિક કામોમાં એજન્સી દ્વારા અ પુરા કામો થયેલ હોવા છતાં આ એજન્સીઓએ ગેરકાયદેસર રીતે સરકારી નાણાં મેળવી. નાણી મૂકવાનાર દ્વારા એજન્સી ઓને નાણાંની ચુકવણી કરી હતી. કાયદેસરની કરવાની થતી ફરજમાં નિષ્કાળજી દાખવનાર જવાબદાર સરકારી અધિકારી/કર્મચારી/કરાર આધારીત કર્મચારીઓએ એજન્સીઓ સાથેના એકબીજાના મેળાપીપણા કરીને પોતાના આર્થિક લાભ માટે કીમતી દસ્તાવેજો બનાવી તેનો ખશ તરીકે ઉપયોગ કરી સરકારને આર્થિક નુકસાન પહોંચાડી સરકારની સાથે છેતરપીંડી આ ને વિશ્વાસઘાત કરેલ છે. તેમ દાહોદ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક દ્વારા દાહોદ બી ડિવીઝન પોલીસ મથકે આપેલ ફરિયાદમાં જણાવ્યું છે.

એસઓજી પોલીસે ખાડી ફળિયા વિસ્તારમાંથી આરોપીને ચોરીની બાઇક સાથે ઝડપ્યો

● ગોધરા, તા.૩૦

પંચમહાલ ગોધરા એસઓજી પોલીસે મોટરસાઈકલ ચોરીના કેસમાં મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. પોલીસે ગોધરા શહેરના ખાડી ફળિયા વિસ્તારમાંથી એક આરોપીને ચોરીની મોટરસાઈકલ સાથે પકડી પાડ્યો છે.પોલીસ મહાનિરીક્ષક મનોજ નિનામા અને પોલીસ અધિક્ષક બી.એલ. દેસાઈના માર્ગદર્શન હેઠળ એસઓજી પોલીસ ઈન્સ્પેક્ટર આર.એ. પટેલની ટીમે આ કામગીરી કરી છે. પોલીસને બાતમી મળી હતી કે એક વ્યક્તિ વાઘજીપુરથી ઓરવાડા તરફ નંબર પ્લેટ વગરની કાળા કલરની હીરો સ્પ્લેન્ડર મોટરસાઈકલ વેચવા જઈ રહ્યો છે. બાતમીના આધારે એસઓજી સ્ટાફે ઓરવાડા તળાવ પાસે વોચ ગોઠવી હતી. આરોપી મોટરસાઈકલ લઈને આવતા તેને રોકવામાં આવ્યો હતો. આરોપી પાસે વાહનના કોઈ દસ્તાવેજો ન મળતા પોલીસે ૨૦,૦૦૦ રૂપિયાની કિંમતની મોટરસાઈકલ કબજે કરી હતી.પકડાયેલા આરોપીની ઓળખ જગદીશ ભોપતભાઈ (રહે. તરવડી, તા.ગોધરા) તરીકે થઈ છે. આ મોટરસાઈકલ ગોધરા ટાઉન બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના સાથે સંબંધિત હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કડાણા મામલતદાર કચેરીમાં ૨૦૨૩ની ઘટના

અડધા દિવસમાં અનુ. જનજાતિના ૩૫૭ દાખલા ઈસ્યુ કરનારા નાયબ મામલતદાર સસ્પેન્ડ

● લુણાવાડા, તા.૩૦

કડાણા મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા નાયબ મામલતદારે મામલતદારનો ચાર્જ ન હોવા છતાં અડધા દિવસમાં જ ૩૫૭ અનુ. જનજાતિના દાખલા ઈસ્યુ કરી દીધા હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. જોકે તપાસમાં આ નાયબ મામલતદારે સત્તાનો દુરઉપયોગ કર્યો હોવાનું બહાર આવતાં તેમને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરાયા હતાં. સાથે તેમને ઈસ્યુ કરેલા જાતિના દાખલાઓ રદ કરવાની પ્રક્રિયા પણ હાથ ધરાઈ હતી.મહીસાગર જિલ્લાના કડાણા મામલતદાર કચેરી ફરજ બજાવતા નાયબ મામલતદાર જે. જે પંડ્યા એ વર્ષ ૨૦૨૩માં પોતાની સત્તાનો દૂર ઉપયોગ કરી ૩૫૭ આદિવાસી દાખલા ઈસ્યૂ કર્યા હોવાનું સામે આવી હતી.

લુંટેરી દુલ્હને અમદાવાદના યુવાન સાથે લગ્ન કર્યા હતા

સુરતની અઠવા પોલીસે લુંટેરી દુલ્હનની ટોળકી પકડી પાડી

● સુરત, તા.૩૦

સુરતની અઠવા પોલીસે લુંટેરી દુલ્હનની ટોળકી પકડી પાડી છે. લુંટેરી દુલ્હને અમદાવાદના યુવાન સાથે લગ્ન કર્યા હતા. લુટેરી દુલ્હનની માતાએ તેના પિતા ન હોવાનું કહીને એક લાખ રૂપિયા માંગ્યા હતા અને તે યુવાને આપી પણ દીધા હતા. પણ લગ્નના બીજા જ દિવસે લુંટેરી દુલ્હન બહાનું કાઢીને માતા સાથે ભાગી ગાઈ હતી.

તેના પછી તેણે પતિ સાથે રહેવાનો પણ ઇકાર કર્યો હતો અને એક લાખ રૂપિયા આપવાની પણ ના પાડી દીધી હતી. ફરિયાદના આધારે પોલીસે મહિલા ટોળકીની ધરપકડ કરી છે. આમ હવે લગ્નોત્સુક યુવાનો સાથે છેતરપિડીના કિસ્સાનું પ્રમાણ સતત વધવા લાગ્યું છે. પહેલા લુંટેરી દુલ્હનના કિસ્સા પણ ભાગ્યે જ જોવા મળતા હતા, હવે આ પ્રકારના કિસ્સાનું પ્રમાણ પણ વધવા લાગ્યું છે.

આ પહેલાં પણ બનેલી આવી જ ઘટનામાં સુરતમાં લુંટેરી દુલ્હન યુવાનને લૂંટીને ભાગી છૂટી હતી. ૩૯ વર્ષીય છૂટાછેડા લીધેલી મહિલા સુરતના યોગી ચોક વિસ્તારમાં રહે છે. છૂટાછેડા લીધેલ વ્યક્તિ તેના ૧૫ વર્ષના પુત્ર અને પરિવારના અન્ય સભ્યો સાથે રહેતો હતો. આ સમય દરમિયાન, તેમનો દીકરો નાનો હોવાથી, તેમણે ફરીથી લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી. તેથી તેણે પરિવારના સભ્યો સાથે વાત કરી. આ દરમિયાન, છૂટાછેડા લીધેલા પુરુષના નાના ભાઈની પત્નીએ તેને વોટ્સએપ પર એક છોકરીનો ફોટો મોકલ્યો અને પૂછ્યું, "જો તમને આ છોકરી ગમે છે, તો ચાલો લગ્ન વિશે વાત કરીએ." તેથી છૂટાછેડા લીધેલો પુરુષ લગ્ન માટે સંમત થયો.

વિપુલ ડોબરિયા, જ્યોતિબેન અને જે છોકરીનો ફોટો મોબાઈલ ફોન પર આવ્યો હતો, સંજના, છૂટાછેડા લીધેલી મહિલાના ઘરે આવ્યા. પછી જ્યોતિબેને કહ્યું, "સંજના મારા મિત્રની દીકરી છે." સંજનાના માતા-પિતા ગુજરી ગયા છે. એટલા માટે સંજના અમારા ઘરે રહે છે. બાદમાં છૂટાછેડા લેનાર અને સંજના વાત કરે છે અને લગ્ન કરવા માટે સંમત થાય છે. જોકે, આ દરમિયાન વિપુલભાઈએ કહ્યું કે તેમણે છૂટાછેડા લેનાર પાસેથી ૧.૨૦ લાખ રૂપિયાની માંગણી કરી હતી, જેમાંથી લાખ રૂપિયા જ્યોતિબેન અને અન્ય ૨૦,૦૦૦ રૂપિયા લગ્ન માટે આ તો છૂટાછેડા લીધેલા યુવકે આ બધી બાબતો માટે હા પાડી અને લગ્નની ખરીદી શરૂ કરી.

આ સમય દરમિયાન તેઓએ ચાંદીની ચેઈન, સોનાનો હાર અને કપડાં ખરીદ્યા અને ૧૩ જુન ૨૦૨૪ના રોજ તાપી કિનારે આવેલા શંકર ભગવાન મંદિરમાં પરિવારના સભ્યોની હાજરીમાં લગ્ન કર્યા. બાદમાં, તેઓ લગ્નની વિધિઓ પૂર્ણ કરવા અને લગ્નનું પ્રમાણપત્ર મેળવવા વકીલની ઑફિસમાં ગયા. દસ્તાવેજો લખ્યા પછી જ્યારે તેઓ વરાછા ઝોન ઓફિસ ગયા, ત્યારે સંજનાએ કહ્યું કે તેની પાસે મૂળ દસ્તાવેજો નથી, તેથી તે ઘરે પાછી ફરી. બાદમાં, તેમણે વિપુલભાઈ ડોબરિયાને ૧.૨૫ લાખ રૂપિયા રોકડા આપ્યા. પછી ૧૬ જૂને, સંજનાએ તેની દાદીને મળવા જવાનું કહ્યું અને કહ્યું કે તેની તબિયત સારી નથી અને તે મહારાષ્ટ્રથી સુરત આવી છે. તેથી તે યુવક તેને ડિંડોલી સાઈ પોઈન્ટ પર છોડી ગયો. સંજનાના પરિવારના સભ્યો પહેલેથી જ હાજર હતા, ત્યારે સંજનાએ કહ્યું કે તે સાંજે ઘરે આવશે.

બાદમાં, સંજનાએ યુવકના નાના ભાઈની પત્નીને ફોન કરીને કહ્યું કે તે હવે ઘરે નહીં આવે. આ પછી યુવકે વિપુલભાઈ ડોબરિયાને ઘણી વાર ફોન કર્યો, પરંતુ કોઈ જવાબ ન મળતાં તેને ખ્યાલ આવ્યો કે તેની સાથે છેતરપિંડી થઈ છે. તેથી, સરથાણા પોલીસ સ્ટેશનમાં લૂંટારા દુલ્હન સહિત ૩ લોકો સામે ફરિયાદ નોંધાઈ હતી.

મહીસાગરની ૧૫૪૨ શાળાઓના ૯૯૫૦૦ બાળકોના HB ટેસ્ટ કૌભાંડને ૧ વર્ષ છતાં તપાસ અધરતાલ

● વીરપુર, તા.૩૦

મહીસાગર જિલ્લાના બાળકોને જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સેન્ટરો દ્વારા વર્ષમાં ચાર વાર શાળાના બાળકોની તપાસણી કરવામાં આવે છે જે બાદ તમામ વિગત આરોગ્ય વિભાગ દ્વારા સરકારની વેબસાઈટ પર એન્ટ્રીઓ કરવાની હોય હતી પરંતુ આ એન્ટ્રીઓ ખોટી કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. આરોગ્ય વિભાગના આંકડા મુજબ મહીસાગર જિલ્લાની ૧૫૪૨ શાળામાં જઈને અંદાજે,૯૯૫૦૦ બાળકોના હિમોગ્લોબીન (HB) તપાસ કરી હતી. ૧૫ મી સપ્ટેમ્બરથી ૧૫ ડિસેમ્બર ૨૦૨૩ સુધુમાં જિલ્લામાં ૧ લાખ ૭૭ હજારની આસપાસ બાળકોને તપાસવામાં આવ્યા હતા જેમ HB ના ૯૯ હજાર જેટલા ટેસ્ટ કરવામાં આવ્યા હતા ત્યારે આ દરમ્યાન શાળાઓમાં દિવાળી વેકેશન,નવરાત્રી તેમજ રવિવાર સહિત અન્ય ૪૦ થી ૪૫ રજાઓ હતી તો આ દરમ્યાન એટલા બધા બાળકો તપાસ્યા કેમના એ મોટો સવાલ ઉભો થયો હતો જેને લઈ આ બાબતે જાગૃત અરજદાર દ્વારા ઊંડાણપૂર્વક ન્યાયિક અને તટસ્થ તપાસ કરી બાળકોને ન્યાય અપાવવામાં આવે તેવી ઉગ્ર માગણી સાથે મુખ્ય મંત્રી ,આરોગ્ય મંત્રી, જિલ્લા બાળ સુરક્ષા વિભાગ સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ અરજી કરવામાં આવી હતી. મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ADHO અને જિલ્લા પશુપાલન અધિકારીને તપાસ સોંપવામાં આવી હતી. ત્યાર બાદ તાપસ અધિકારી દ્વારા પત્ર લખી જિલ્લાના તમામ તાલુકોના TPO ને શાળા આરોગ્યની તપાસમાં કેટલા બાળકોનું રજિસ્ટ્રેશન થયું, કેટલા બાળકો તપાસ્યા જેવી વિગતો લઈ ૩૦ એપ્રિલ ૨૦૨૪ ના રોજ હજાર રહેવા જણાતા જેમાં ભાગની સ્કૂલોમાં HB ના ટેસ્ટ નથી થયા તેવું જણાવ્યું હતું. જ્યારે આ તપાસને ૧ વર્ષ થયું તમે છતાં તાપસ પૂર્ણ ન થતા જાણે કુલડીમાં ગોર ભાગ્યો હોય તેવો ઘાટ દેખાઈ રહ્યો છે.જિલ્લા આરોગ્ય શાખામાં પાછલા કેટલાય વર્ષોથી જેમપોર્ટલ પર તેમ વાહનો ખરીદી/ટેન્ડર સહિત અનેક પ્રકારના કૌભાંડ એટલા હદે કરવામાં આવ્યા છે.

સુરતમાં રૂપિયા ૯ લાખની છેતરપિંડીનો મામલો, આરોપીની મ.પ્ર.માંથી ધરપકડ કરાઈ

● સુરત, તા.૩૦

સુરતમાં નવ લાખ રૂપિયાની છેતરપિંડીનો કેસ નોંધાયો છે. કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં આ અંગેની ફરિયાદ નોંધાવી છે. સુરત ક્રાઇમ બ્રાન્ચે આરોપીને ઝડપ્યો છે. સુરત ક્રાઇમ બ્રાન્ચે આરોપી મહેશ તોમરને અલીરાજપુરથી પકડ્યો છે.

મહેશ તોમરે ખોદકામમાં મળેલું સોનું સસ્તામાં આપવાની લાલચ આપી હતી. તેણે ફરિયાદીનો વિશ્વાસ મેળવવા પહેલા કાચુ સોનું આપ્યું હતું. તેના પછી એક કિલોનું નકલી બિસ્કિટ આપીને નવ લાખ રૂપિયા લઈ ફરાર થઈ ગયો હતો. ફરિયાદીને છેતરપિંડીની જાણ થતાં તેણે પોલીસની મદદ લીધી હતી. તેણે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આરોપી પોલીસથી બચવા નવ વર્ષથી નાસતો ફરતો હતો, પરંતુ પોલીસે તેને પકડી લીધો હતો.

પોલીસના જણાવ્યા મુજબ પકડાયેલો આરોપી કાપોદ્રામાં ધર્મેશભાઈ બાલુભાઈ રામાણીને ત્યાં કડિયાકામ કરતો હતો. તેણે દાવો કર્યો હતો કે તેમના મિત્રને કચ્છમા ભુજકામ કરતાં સોનું મળ્યું છે અને તે સસ્તામાં વેચવા તૈયાર છે. તેણે પછી ફરિયાદી સાથે તેના સાગરિતની ફોન પર વાત કરાવી સોનું સસ્તાભાવે વેચવાનું છે તેવી લાલચ આપી ફરિયાદીનો વિશ્વાસ કેળવ્યો હતો. પહેલા ઓરિજિનલ સોનું આપીને વિશ્વાસ વધુ મજબૂત બનાવ્યો હતો. તેના પછી પીળી ધાતુની બનાવટી એક કિલોની લગડી ફરિયાદી પાસેથી મેળવી લઈ છેતરપિંડી કરી હતી.

તેના પછી આરોપી નાસતો ફરતો હતો. છેવટે સુરત ક્રાઇમ બ્રાન્ચે મળેલી બાતમીના આધારે મધ્યપ્રદેશના અલીરાજપુર અંધારકાસ ગામ ખાતે મજૂરી કામ કરતો હોવાની માહિતી મળી હતી. પોલીસે તેને ત્યાં જઈ ઝડપ્યો હતો.

બોડેલી ડેપો ખાતે મેનેજરની ઉપસ્થિતમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ

● બોડેલી, તા.૩૦

બોડેલી ડેપો ખાતે ડેપો મેનેજર વિજયસિંહ એલ ઠાકોર ની ઉપસ્થિત માં વૃક્ષ રોપણનો કાર્યક્રમ યોજ્યો બોડેલી ડેપો ના તમામ કર્મચારીઓ ભેગા થઈ આ વૃક્ષ રોપનનો કાર્યક્રમ યોજાયો. છોટાઉદેપુર જિલ્લાના બોડેલીમાં આવેલ જી બસ ડેપોમાં આજરોજ તા૩૦મે ના રોજ વૃક્ષ રોપણ નો કાર્યક્રમ યોજાયો હતો ચોમાસાની તૈયારીઓ તથા ત્યારે બોડેલી ડેપોના તમામ કર્મચારીઓ સાથે રહીને આ કાર્યક્રમ માં ડેપોની અંદર વૃક્ષ રોપણી કરી હતી બોડેલી બસ સ્ટેન્ડ માં ભર ઉનાળે ઠંડી છાશનું વિતરણ કરવામાં બોડેલી ડેપો નાં કર્મચારીઓ દ્વારા કરવામાં આવે છે.

વડાપ્રધાને જન બળ, જન શક્તિને દેશના વિકાસમાં જોડવાની અને સૌના સાથ, સૌના વિકાસની પરંપરા વિકસાવી છે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લા ખાતેથી કૂવા રિચાર્જ અભિયાનનો પ્રારંભ કરાવ્યો

● પાલનપુર, તા.૩૦

વડાપ્રધાનનરેન્દ્ર મોદીની પ્રેરણા હેઠળ ભારત સરકારના જળ શક્તિ મંત્રાલય દ્વારા અમલમાં મૂકાયેલ "જળ શક્તિ અભિયાનઃ કેચ ધ રેઇન – ૨૦૨૫" અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં "જળ સંચય જન ભાગીદારી" અભિગમને કેન્દ્રમાં રાખી રિચાર્જ કૂવા નિર્માણના કાર્યનો આજથી શુભારંભ થયો છે.

વડાપ્રધાનના માર્ગદર્શનમાં શરૂ થયેલા "કેચ ધ રેઈન" અભિયાન અંતર્ગત જળ સંચય જન ભાગીદારી નેમ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલ, વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી સહિત મંત્રીઓ અને મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકાના ચોડુંગરી ગામ ખાતેથી રિચાર્જ કુવા નિર્માણનો શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી અને મહાનુભાવોએ જે.સી.બી અને ટ્રેકટરને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવીને રિચાર્જ કુવાનું ઉદ્ઘાટન કર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનબળ એટલે કે, જનશક્તિને દેશના વિકાસમાં જોડવાની અને સૌના સાથ, સૌના વિકાસની પરંપરા વિકસાવી છે. ગુજરાતના આજના સર્વગ્રાહી વિકાસના મૂળમાં વડાપ્રધાનએ જળશક્તિ, જનશક્તિ, ઊર્જાશક્તિ, રક્ષાશક્તિ અને જ્ઞાન શક્તિનો આપેલો વિચાર છે. વડાપ્રધાન હંમેશા કહે છે કે, પાણી એ વિકાસની પહેલી શરત છે. શ્રી નરેન્દ્રભાઈએ જ્યારે મુખ્યમંત્રી પદ સંભાળ્યું ત્યારે ગુજરાતમાં ન તો પૂરતી વીજળી હતી કે ન પૂરતું પાણી. આપત્તિને અવસરમાં અને પડકારોને તકમાં પલટાવવાનું સામર્થ્યશ્રી નરેન્દ્રભાઈએ આપણામાં કેળવ્યું છે. તેમણે જળ સમસ્યાના નિવારણ માટે જનશક્તિને જળસંગ્રહ, જળસંચય, ચેકડેમ-બંધારાના વિરાટ અભિયાનમાં જોડી. તેના પરિણામે ગુજરાત વોટર ડેફિસીટ સ્ટેટમાંથી વોટર સરપ્લસ સ્ટેટ બન્યું. વડાપ્રધાનએ આપણને પાણી આવે તે પહેલા પાળ બાંધી લેવાની દિશા આપી છે. એમ પણ મુખ્યમંત્રીએ કહ્યુ હતું.

સમગ્ર દેશમાં ભૂગર્ભ જળના તળ ઊંચા લાવી શકાય તેવા ઉમદા હેતુથી વડાપ્રધાનએ ૨૦૧૯માં રાષ્ટ્રવ્યાપી જળશક્તિ અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે. વડાપ્રધાનના માર્ગદર્શનમાં દેશભરમાં જનભાગીદારીથી જળસંચયના કામો ઉપાડ્યાં છે. બનાસકાંઠામાં ભૂગર્ભ જળના તળ ઊંચા લાવવા રાજ્ય સરકારે લગભગ ૫૦ હજાર રિચાર્જ કૂવા બનાવવાનું આયોજન હાથ ધર્યું છે. એમાં બનાસ ડેરીના સહયોગથી ૨૫ હજાર રિચાર્જ કૂવા બનવાના છે. બનાસ ડેરીની આ પ્રતિબદ્ધતા માટે મુખ્યમંત્રીએ શ્રી શંકરભાઈ ચૌધરી અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. ત્યારે આપણે સૌ પણ દેશના જવાનોનું ભારત માતા કી જયના નારાથી સન્માન કરીએ એમ ગર્વભેર જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'સીમનું પાણી સીમમાં, ગામનું પાણી ગામમાં' રહે તેવો મંત્ર આપીને રાજ્યમાં તમામ સ્તરે જળ સંચયના કામો જનભાગીદારીથી શરૂ કરાવ્યા છે.ચોમાસાના વહી જતાં પાણીને જળ સંચય અને જળ વ્યવસ્થાપનના પ્રયાસોથી અટકાવીને જમીનમાં ઉતારીને ભૂગર્ભ જળસ્તર ઉંચા લાવવા, સિંચાઈ વ્યવસ્થા વધુ સુદ્રઢ કરવા, ખેત ઉત્પાદનમાં વધારો કરવાના મુખ્ય ઉદ્દેશ સાથે આપણે કૂવા રિચાર્જ નિર્માણ માટેનું અભિયાન શરૂ કર્યું છે. તેમ ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યુ હતુ.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આપણી સનાતન સંસ્કૃતિમાં પાણીને પરમેશ્વરનો પ્રસાદ અને નદીઓને માતાનું સ્થાન મળ્યું છે. એટલું જ નહીં, કૃષિના ઋષિ એવા ખેડૂતો કૃષિક્રાંતિ કરી શકે તે માટે પણ જળસિંચન મહત્વનું અંગ છે. પ્રાકૃતિક ખેતી- સૌ સમસ્યાઓનું સમાધાન છે. રાજ્યમાં પૂરતું પાણી મળવાથી ખેતી અને ખેત ઉત્પાદન પણ વધ્યાં છે. આપણે ખેતીને વધુ સમૃદ્ધ બનાવવા રાસાયણ ખાતર મુક્ત ખેતી, પ્રાકૃતિક ખેતી પર ફોકસ કર્યું છે. રાસાયણિક ખાતરના ઉપયોગથી જમીન અને માનવી બન્નેનું સ્વાસ્થ્ય બગડે છે. આજે નાની વયે બી.પી, સુગર, હાર્ટઅટેક જેવા ગંભીર રોગોનું પ્રમાણ વધી રહ્યું છે.વડાપ્રધાનશ્રીએ આ સ્થિતિ સુધારવા માટે 'બેક ટુ બેઝિક' નો મંત્ર આપ્યો છે. અને પ્રાકૃતિક ખેતીની મૂહિમ ઉપાડી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઓપરેશન સિંદૂરની જ્વલંત સફળતા માટે વિશ્વ નેતા અને યશસ્વી વડાપ્રધાનનરેન્દ્ર મોદી તથા દેશની સૈન્ય શક્તિને અભિનંદન પાઠવીને જણાવ્યું હતું કે, આ ઓપરેશનની સફળતાથી આપણા સૈન્યબળની બહાદુરી અને શૌર્યને દેશભરનું જનબળ તિરંગા યાત્રાથી બિરદાવી રહ્યું છે. ત્યારે આપણે સૌ પણ દેશના જવાનોનું ભારત માતા કી જયના નારાથી સન્માન કરીએ એમ ગર્વભેર જણાવ્યું હતું.

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

વિવિધ એન્જીનીયરીંગ કામ

ઈ-ટેન્ડર નોટીસ નં. DRM-BRC 049 TO 050 OF 2025-26

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (W A/c.) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪ દ્વારા નીચે જણાવેલ કામ માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે.

અનું. નં.	ટેન્ડર નં. અને કામનું નામ	કામની અંદાજીત પડતર (₹ માં)	જમા કરાવવાની બીડ સિક્યુરીટી (₹)
૦૧	DRM BRC 049 of 2025-26. વડોદરા ડિવિઝન : ADEN-ANND ના અધિકારક્ષેત્ર હેઠળ ૨૪ મહિના માટે પાણીને જંતુમુક્ત કરવા માટે ક્લોરીનની આપૂર્તિ કરવા સહિત ક્લોરીનેશન પ્લાન્ટનું સંસ્થાપન અને કમીશનીંગ કરવાનું કામ.	૧૭,૬૭,૩૮૪.૭૨	૩૫,૪૦૦.૦૦
૦૨	DRM BRC 050 of 2025-26. પ્રતાપનગરઃ પ્રસ્તાવિત શિડ્યુલ મુજબ લાઈકગાર્ડ સેવાઓની જોગવાઈ કરવા સહિત ૨૪ મહિના માટે સ્વીમીંગ પુલ અને તેના સંકુલની સફાઈ અને જાળવણી કરવાનું કામ. (પુનઃઆમંત્રિત) (R-1)	૨૧,૧૧,૭૬૦.૦૦	૪૨,૨૦૦.૦૦

ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ તા.૨૦-૦૬-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાક સુધી ટેન્ડર જમા કરાવી શકાશે અને તે જ તારીખે ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશેઃ** વેબસાઈટ @ www.ireps.gov.in ડિવીઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૪. BRC-049

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

પશ્ચિમ રેલવે
વડોદરા ડિવિઝન

મેમુ કોચીઝની તપાસ માટે વિવિધ કામ

ટેન્ડર નોટીસ નં. EL-MEMU-Test Bench-25-26-3 તારીખ : ૩૦-૦૫-૨૦૨૫

**ટેન્ડર ન